



હળવા હૃદયે 'બાપુ' સાચી વ્યથા કરે છે!
'મિલન'માં આત્મદર્શનની પ્રથા કરે છે
ચાલે બથંબથા સત્તા વિનાના પદ માટે -
ને જૂથંજૂથાની યથાતથા કથા કરે છે!
(કોંગી 'સ્નેહમિલન')

વેદના પર
બતાવે સંવેદના -
સુપ્રીમ પણ..
(કેમ્પાકોલા કેમ્પસ)

ઉતરી જાય!
નેતાઓ આક્રોશમાં
નીચલા સ્તરે..
(મર્યાદાઓનું ઉલ્લંઘન)




## ચિંતન

અનંત શાસ્ત્રં બહુલાશ્ચ વિદ્યાઃ અલ્પશ્ચ કાલો પહુવિઘ્નતા ચ ।
યત્સારભૂતં તદુ પાસનીયં હંસો યથા ક્ષીર મિવામ્બુમધ્યાત્ ॥

ચાણક્યનીતિ શાસ્ત્રનો આ શ્લોક છે :

'વેદો-પુરાણો-ઉપનિષદો જેવાં અનેક શાસ્ત્રોનો અગાધ સમુદ્ર છે, આ જ્ઞાનના સાગરમાં વિપુલ વિદ્યાઓનો સંગ્રહ છે પરંતુ તે ઉલેચવા-પામવા માટે મનુષ્યની આયુ-આવરદા ખૂબ જ સિમિત-મર્યાદિત છે; અને તે પામવાનો માર્ગ પણ ખૂબ મુશ્કેલીભર્યો-તપનો-કઠિન છે - એટલે મનુષ્ય માટે તો એ જ ઉચિત છે કે આ બધાં શાસ્ત્રો વિદ્યાભંડારોની સાર રૂપ વાતોને જ કોઇ પણ પ્રકારે ગ્રહણ કરે-પામે-વાંચે કે યોગ્ય સદ્‌ગુરૂ સંત પાસે જઇને શ્રુતિ દ્વારા સાંભળીને-સમજી લે. જે પ્રકારે પાણીમાં પડેલા દૂધને હંસ દૂધ ગ્રહણ કરી પાણીને છોડી દે છે.'

આજે 'સાહિત્ય' કોણ વાંચે છે? પુરાણો-ધાર્મિક ગ્રંથો ઇતિહાસ કોઇ વાંચતુ નથી. વાંચવાનો સમય પણ નથી - એ એટલો બધો જ્ઞાનનો અગાધ સમુદ્ર છે કે એનું આચમન પણ માંડ થઇ શકે!

આજે 'બે દિવસમાં' - 'શોર્ટકટ'નો જમાનો છે સમજુ માણસે ટૂંકસાર, સત્સંગ, દ્વારા જ્ઞાન પ્રાપ્તિ કરી લેવી જોઇએ... નહીં તો ભણસાલીનો 'સરસ્વતીચંદ્ર' જોઇ બનો મૂરખ!

## સુવિચાર

- એ બીજે હોય ત્યારે મહામૂલી લાગે છે, આપણને વરે ત્યારે એ જ સિદ્ધિ મામૂલી લાગે છે - **જન કલ્યાણ**
- આશાવાદી જેટલું જ નિરાશાવાદીનું મહત્ત્વ છે, આશાવાદી એરોપ્લેન શોધે છે ત્યારે નિરાશાવાદીઓ પેરાશુટની શોધ કરે છે - **ડો. વિક્રમ સારાભાઇ**
- સુખ માટેની ખોજ એ દુઃખના મુખ્ય કારણોમાનું એક છે - **એસ. ભટ્ટાચાર્ય**
- મને જરાયે અભિમાન નથી, આના જેવું જોરદાર અભિમાન બીજું એકેય નથી- **વિનોબા ભાવે**
- લખવું વધું સહેલું બને છે, જો આપણે કશું કહેવાનું હોય તો!! - **વિદ્યુત જોશી**
- સવાલ એ નથી કે શું મેળવ્યું? સવાલ એ હોય છે મેં આ બધું મેળવતાં શું શું ગુમાવ્યું - **મુનિ ભાનુચંદ્ર વિજયજી**
- જીત એ બુદ્ધિથી નહીં, પણ સખત મહેનત, આત્મવિશ્વાસ અને એકાગ્રતાથી પ્રાપ્ત થતી 'ઉપાધિ' છે - **ઓશો**

## બોધ કથા

અમેરિકા એટલે સંશોધન અને શિક્ષણનો દેશ આજે પણ નવા નવા વિષય અને ક્ષેત્રોમાં ચિંતકો-વિચારકો પોતાની સૂઝબૂઝથી સરકારી સહાય વિના પણ સંશોધન કર્યા જ કરે છે. કેટલાય અમેરિકનો પોતાના વિષયના મૂળ શોધવા ભારતના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં પણ જાય છે.

કેટલાક શિક્ષણવિદોએ ધીરજપૂર્વક એક પ્રોજેક્ટ લીધો અને એક શિક્ષિકાને પચ્ચીસ બાળકો સોંપ્યા. પ્રામથિકથી માધ્યમિક સુધીનું શિક્ષણ આપી તૈયાર કરવા સૂચના આપી. ઝૂંપડપટ્ટીના આ બાળકોને સામાન્ય જ્ઞાન ઉપરાંત સામાજિક મૂલ્યો અને સારાં નાગરિકત્ત્વના પાઠ પણ ભણાવ્યા.. વીસ વર્ષ પછી... સંશોધકોએ પચ્ચીસ બાળકોનો અત્તોપત્તો મેળવી એ કયાં છે - શું કરે છે ની વિગત મેળવી. એ બધા પચ્ચીસ યુવાનો સારાં પદ પર સુખી હતા..

સંશોધકોએ બધાને એક પ્રશ્ન પૂછ્યો, તમારી સફળતામાં સૌથી મોટો-યશસ્વી ફાળો કોનો?

બધા યુવાનોએ એક જ નામ આપ્યું અમારાં પ્રાથમિક શિક્ષણથી સાથે જોડાયેલાં ટીચર મિસેલને અમે અમારી સફળતાનો યશ આપીએ છીએ.

સંશોધકો વૃદ્ધ મિસેલ પાસે ગયા; અને સફળ શિક્ષક તરીકે તમે શું કર્યું એમ પૂછ્યું-

મિસેલ કહે હું મારાં વિદ્યાર્થીઓને મારાં બાળક સમજું છું અને પ્રેમ સિવાય કાંઇ જ આપ્યું નથી.

..આજે આ વાત વાંચ્યા પછી મેં કેટલાક યુવાનો કે કોલેજનાં વિદ્યાર્થીને જયારે તેમની સફળતાનું કારણ પૂછ્યું ત્યારે 'ટીચર રૂખસાના'નું નામ સામે આવ્યું... જે શિક્ષક શિક્ષણ સાથે સફળતાનો પ્રેમ આપે છે એ વિદ્યાર્થીને જિંદગીભર યાદ રહે છે.

Email - sureshchandrabhatt18@gmail.com

# આ સૃષ્ટિમાં માત્ર એક જ વસ્તુ કાયમી છે અને તે છે - પરિવર્તન

**ટેલિ રીઝન**
*આને બદલો હવે...!!*
**- સમીર રામી**

"આ આપણું ટીવી કેટલા દિવસથી નખરાં કરે છે? તેમાં હવે પાછું આ રિમોટ પણ આજે બંધ થઇ ગયું. બે થપ્પડ મારીએ એટલે પિક્ચર તો સ્થિર થઇ જાય છે પણ રિમોટ વગર ચેનલ કરેવી રીતે બદલવી? તમને કેટલી વાર કહ્યું કે આને બદલો હવે..."

"અલ્યા ભાઇ, તમને વોટ્સ અપની ખબર નથી? કઇ દુનિયામાં જીવો છો યાર? અને આ કયા જમાનાનો મોબાઇલ વાપરો છો? બાપુ, આને બદલો હવે..."

"લે હવે અહીં રસ્તામાં ઊભી ઊભી જ ફિલ્લમ જો, પ્લગમાંથી કચરો સાફ કરવા પહેલાં પ્લગ ખોલવો પડે અને તારા બાપના આ ખટારા સ્કૂટરમાં પેટ્રોલ તો હોતું નથી તો પાના-પક્કડ તો કયાંથી હોય? હજાર વાર તેમને કહ્યું કે આને બદલો હવે.... પણ મારૂં કોણ માને?"

આવા અનેક સંવાદો દરેકના જીવનમાં વારંવાર ઉચ્ચારવા કે સાંભળવા પડે જ છે તે કયારેય ના બદલાતી હકીકત છે. ટીવીમાં હજારો વખત આપણે એવી જાહેરાતો જોઇ ચુક્યા છીએ અને હજુ પણ જોઇએ છીએ જેમાં બૂમો પાડીને તમને કહેવામાં આવે છે "બદલી નાંકો તમારૂં જૂનું પુરાણું વોંશિગ મશીન અને લઇ જાઓ અમારૂં ફ્લાણું નવું કુલ્લી ઓટોમેટીક વોશિંગ મશીન" અથવા "અબ પાઇએ આપકે દાંતોમેં સફેદી ઔર કિટાણુઓ સે મુક્તિ એક સાથ નેય 'પપ્પુદંત' ટુથપેસ્ટ કે સાથ." એમાંય શિયાલો બેસતાં જ ફેરનેસ ક્રિમ કે કોલ્ડ ક્રિમ વાળા તો "બદલ ડાળો, બદલ ડાલો," કરીને ચેનલ બદલવા જ મજબૂર કરી મૂકે છે. આ સોપ ઓપેરા પર ગમે તે ચેનલ ટ્યુન કરો પણ "ઢીંકના બ્યુટી સોપ, અબ નયે પેકિંગ મેં, ઔર ભી બહેંતર" કહેતાં તમારા રીલેક્ષ મુડને પલટાવી નાંખવા તૈયાર જ હોય છે.

છાશવારે 'મુડ' બદલવા માટે ગુજરાતીઓનાં ખાસ કિલીમાંજારો સમાન માઉન્ટ આબુ પર એક ધાર્મિક આશ્રમમાં વિવિધ યુગનો સમયગાળો દર્શાવતી વિરાટ ઘડિયાળ બનાવેલી છે. આ ઘડિયાળ ઘણા વર્ષોથી બાર વાગવામાં પાંચ કમ હોય તે રીતે "કળિયુગ" પુરો થવા આવી ગયો છે તેવું બતાવ્યા કરે છે. ઘણાં લોકો આ "યુગ બદલેગા, સતયુગ આયેગા"ની આશાએ દર વર્ષે તેને ચેક કરવા જઇને પછી હજુ તો વાર છે તેમ સ્વીકારી "કળિયુગ"ના બાકી કામો પુરા કરતા આવે છે. એક સુપર્બ અપરિવર્તનીય સુવિચાર કયાંક વાંચેલો કે "દુનિયા ને બદલતા પહલાં તમારી જાતને બદલો તો દુનિયા આપોઆપ બદલાઇ જશે." પણ અહીં તો દરેકને પોતે બદલાયા વગર જ જમાનાને બદલી નાંખવો છે. કેટલાક તો આ પરિવર્તનકારી પરિવર્તન માટે તો ધર્મ પરિવર્તન સુદ્ધાં કરી નાંખે છે પણ આ ઉતાવળમાં ધર્મ જ નિભાવવાનું ભૂલી જાય છે. હિન્દુ ધર્મમાં ભગવાને જાતે જ કબૂલ્યું છે કે "પરિવર્તન એ સંસારનો નિયમ છે." આથી જ તો ધાર્મિક ચેનલો પર સૂર્ય અને રાહુની યુતિ બદલાતા પોતાની "ગ્રહોદશા" બદલાઇ જશે તેવા રાશી કથનોની ભરમાર દર્શકોનો હંમેશા મનગમતો સબ્જેક્ટ છે.

કોર્પોરેટ જગતમાં તો ધંધો કરવા પ્રોજેક્ટની ક્વોલીટી સિવાય બધું જ બદલતા રહેવાનો શિરસ્તો સર્વ સામાન્ય છે. નવા પેકિંગથી લઇને કંપનીનો લોગો અને 'કલર' બદલી નવી બોટલમાં જૂનો દારૂ પિરસાયા કરે જ રાખે છે. એક આઈડિયા આપકી દુનિયા બદલે કે ના બદલે પણ કંપનીના સેલ્સ ફિગર્સ જરૂર બદલી નાંખે છે અને એટલે તો વારંવાર તમારી કોલર ટ્યુન બદલવાના આઇડિયા પણ આ લોકો આપતાં જ રહે છે, અરે ઘણી વારતો તમને કયારેક જ ફો કરનારા પણ "હવે તો તમારી કોલર ટ્યુન બદલો" કહીને તમને ઉશ્કેરતા રહે છે અને કદાચ જો તમે તેમની ઉશ્કેરણી પહેલાં જ કોલર ટ્યુન બદલી નાંખેલ હોય તો "અરે આ કેવી કોલર ટ્યુન નંખાવી છે?" આથવા "તમારી જુની કોલર ટ્યુન વધારે સારી હતી." કહીને તમને અપરાધભાવનો અનુભવ પણ કરાવી નાંખે છે.

સ્ટીમ એન્જિનનું ડીઝલ એન્જિનમાં અને જૂની એમ્બેસેડરનું સ્વીફ્ટ ડીઝાયર કે પનો પહોંચતો હોય તો ચાર બંગડી વાળી ઔડીમાં પરિવર્તન થઇ ગયું છે. "હમારા સ્કૂટર" હવે ધૂમ બાઇકમાં ફેરવાઇ ગયા છે અને ફોનના કાળા ડબલાં આંગળીના ટેરવે રમતાં સ્માર્ટ બની ગયા છે. પથારીની ચાદર બદલતી વખતે "આ ઘડિયાળનો પાવર તો બદલો" કે પછી "મારા આ ચશ્માની ફ્રેમ કયારે બદલશો?" નો કકળાટ કરતી પત્ની પરણ્યા ત્યારથી તમે ટોકી ટોકીને તમારી બધી જ ટેવો બદલાવી નાંખે છે અને પછી ફરિયાદ પણ તમને કરે છે કે "તમે હવે પહેલાં જેવા નથી રહ્યા, બહુ બદલાઇ ગયા છો." પેલી ટીવી એડમાં માત્ર નવી ડીઝાઇનના ચશ્મા પહેરવાથી પતિ મહાશય પોતાના કરતા પણ વધુ યુવાનો દેખાય છે તેવા ભ્રમમાં પડતી પત્નીને તો પોતાના પતિની ઇર્ષ્યા થઇ આવે છે. ટીવી સીરીયલોમાં ઝડપથી બદલાઇ જતા કલાકારોની જેમ આ પત્નીઓનો ઓપિનિયમ પણ સદાય પરિવર્તનને આધિન હોયછે. તેની આડઅસર પણ સદાય પરિવર્તનને આધિન હોય છે. તેની આડઅસર પાછી બાળકો પણ પણ કાંઇ ઓછી નથી પડતી. હમણાં સહપરિવાર પિક્ચર જોવા જવાની હિંતમ કરવાને ચાલુ પિક્ચરે જ તેમના ચાર વરસના ટેણીયાએ "પપ્પા આમાં તો કંટાળો આવે છે, ચેનલ બદલો ને...." કહીં અસમંજસમાં જ મુકી દીધા હતા.

ઘરથી લઇને સદાય પરિવર્તન પર જ નિર્ભર રહેતી ફેશનની દુનિયા સુધીનાં દરેક ક્ષેત્રે હવે 'ચેન્જ' એક જરૂરિયાત બની ગયો છે. ઘણાં તો ફાઇલમાં કોઇ ચેન્જ જ નથી તેવો અહેસાસ થતાં 'ચેન્જ ચેન્જ' રમવાનું ચાલુ તો કરી દે છે પણ પાછળથી લાઇફમાં ચેન્જ આવવાના બદલે લાઇફ જ ચેન્જ થઇ જતાં તેમને "લાઇફ ચેન્જ" કરવી પણ ભારે થઇ પડે છે. પરિવર્તનના આ પવન કાંઇ નવા નથી. પણ જયારે વેકેશનમાં બે દિવસ કાઢીને પોતાના ગામડે આંટો મારવા ગયેલા શહેરીને પહેલાં તો "અહીં કશું બદલાયું નથી" તેવું લાગે છે પણ જયાં બે દિવસ વધુ રોકાવાનું થાય કે તરત જ "પહેલાં જેવું નથી, બધુ બદલાઇ ગયું છે" ની ફરિયાદો પોકારવા માંડે છે. પેટ્રોલ કે દૂધના (અને હવે તો ડુંગળીના પણ) ભાવો જ માત્ર પરિવર્તનશાળી છે તેવુ માનતો સા.મા. (સામાન્ય માણસ) દેશમાં હંમેશા પરિવર્તનની મીટ માંડીને જ બેઠો હોય છે. પહેલાં સચીનની અને હવે ધોનીની બદલાતી હેર સ્ટાઇલ જોયા કરતાં આ સા.મા. ને માંડ હવે "કેપ્ટન જ બદલો" ની ભ્રમણામાંથી છૂટકારો મળ્યો છે.

દરેક ચૂંટણીએ તેને પરિવર્તનના ઝંડા તો દેખાય છે પણ પછી શું બદલાયું તે તેની સમજની બહાર જ રહે છે. ગુજરાતમાં કયારેક પરિવર્તન લાવવા નીકળેલા બાપા પણ પણ તેને સતત બદલાતા ભાસે છે. ઋતુનું પરિવર્તન પણ માંડ સમજી શકતા આ સા.મા.ને હવે તો ઇતિહાસ અને ભૂગોળમાં આવેલા પરિવર્તનો પચાવવાના વારા આવી ગયા છે. તેણે તો ગાંધીજીએ મહા મહેનતે ગોરા અંગ્રેજોની બદલી કરાવી આપ્યા પછી સરદારે બનાવેલા નવા નકશાને સતત બદલાતો જ જોયા કર્યો છે. દર વખતે નવા વાઘામાં જૂના કિરદારો "આને બદલે હવે"ની બૂમરાણ મચાવતા તેનામાં "નઇ ઉમ્મીદ" જગાવતા રહે છે. જમણેરી અને ડાબેરી શંભુમેળાના બદલાતા સમીકરણો તેને આંકડાશાસ્ત્રના નવા નવા પાઠ શીખવાડતા રહે છે. અંતે તે માત્ર એક જ સ્થિર તારણ પર પહોંચી શક્યો છે કે "આ સૃષ્ટિમાં માત્ર એક જ વસ્તુ કાયમી છે અને તે છે - પરિવર્તન"

- samirtalod@yahoo.com

# જયારે જે કર્મ કરવું જરૂરી હોય ત્યારે પૂરા ભાવ-ભક્તિ સાથે એ કર્મ કરવું એનું નામ ધર્મ

**'ધર્મ'નો મર્મ પામવાની મથામણ...**
**- ચિંતનની વિસ્તરતી ક્ષિતિજે**
**— હર્ષદ પ્ર. શાહ**

'ધર્મ'ના નામે ઘણાં લોકો ઘણું કરે છે... કરવાં જેવું પણ અને ન કરવા જેવું પણ ! અને વળી પાછા મોટાં માનસિક સંતોષ કે સમાધાન પમ મેળવી લે છે. એમ કરવાથી સમાધાન કદાચ ભલે મળતું હોય, સુખ તો નહીં જ. વાસ્તવમાં ધર્મનું કામ સુખ આપવાનું છે - શાશ્વત સુખ, અક્ષય સુખ, આત્માનું સુખ. જે ક્રિયા કે પ્રક્રિયાથી આ ન મળે એ ધર્મ નથી જ.

ધર્મ તો આત્માનું ઔષધ છે. જે કર્મથી આત્માને શાતા વળે એનું નામ ધર્મ. જે માર્ગ પર ચાલવાથી આત્માને પરમાત્માનું મિલન થાય એ સાચો ધર્મમાર્ગ. ધર્મ થકી વ્યક્તિનો આત્મા સદૈવ ચૈતન્યમય રહે છે. ધર્મના આધારે જીવતા માણસનું પતન થતું નથી. ધર્મ એક વિરાટ-વિશાળ છત્ર છે. એની છત્રછાયા નીચે અનેક સદ્‌ગુણો ફૂલેફાલે છે. ધર્મ સમાજની જીવાદોરી છે. એનાથી જ વ્યક્તિ અને સમાજ ટકી શકે છે. સ્વસ્થ રહી શકે છે. ધર્મ સંજીવની શક્તિ છે. એનાથી વ્યક્તિ સાત્ત્વિક સુખ પ્રાપ્ત કરી શકે છે.

ધર્મમાં આટલું બધું છે - વિશેષ તત્ત્વ છે... માટે જ અવનિ પણ જયારથી મનુષ્ય અવતર્યો ત્યારથી જ ધર્મને ઓળખવા અને પામવા એ પ્રયત્નશીલ છે. ધર્મનની સાચી રીતે જાણવાથી અને ઓળખવાથી જીવનની અનેક શંખાઓ નિર્મૂળ થાય છે. જીવન જીવવાની અદ્‌ભૂત દૃષ્ટિ ધર્મના સાક્ષાત્કારથી પ્રાપ્ત થાય છે.

'સા ધારયતિ ઇતિ ધર્મઃ'

જીવનને ધારણ કરી રાખવાની વ્યવસ્થા એટલે ધર્મ.

ધર્મનો અર્થ... માત્ર માળા જપ્યા કરવી એનો નથી જ!

... માત્ર મંદિરનાં પગથિયાં ઘસવાં એવો નથી જ !

.. માત્ર મંત્રો-શ્લોકો ઉચ્ચારવા એવો નથી જ !

... માત્ર કર્મ-કાંડ નથી જ !

ધર્મનો અર્થ છે... જીવમાત્રના સુખની અભિલાષા સેવવી.

...મનને મંદિર બનાવવું.

...કર્મને યોગ માની નિષ્ઠાપૂર્વક કર્મ કરવું.

...જીવનના શ્રેષ્ઠ મૂલ્યોને વ્યવહારમાં ઉતારવા.

ઠાલા શબ્દો, શ્લોકો, મંત્રો કે પ્રભુનાં વચનોનો પાઠ પલાંઠી વાળીને કર્યા કરવો એ ધર્મ નથી... એ શબ્દો - વચનોને ભાવપૂર્વક મનમાં ઉતારવા એ જ સાચો ધર્મ છે.

એક દિવસ મંદિરમા પ્રાયશ્ચિત પર્વ હતું. ભક્તગત સવારથી જ નક્કી કરેલી પૂજા-અર્ચના કરતા હતા. પ્રાર્થના - મંત્રોનું ઉચ્ચારણ થતું હતું. એક અભણ ગામડિયો.... એક તો મોડો ઊઠ્યો અને સંકોચાતો પૂજામાં મગ્ન સાથીઓની હરોળમાં જઇને બેઠો. તો ત્યાં એક સમસ્યા આડે આવી. તેને પ્રાર્થનાનો એક પણ મંત્ર આવડતો ન હતો... તો પણ એની ભક્તિભાવના ઉભરાતી હતી... એણે પરમેશ્વરને નિવેદન કર્યું. 'બધા મંત્રો છેવટે તો જુદા જુદા અક્ષરોના મિલનથી જ બને છે... તેથી આપણને જે પ્રિય હોય તે પસંદ કરી લો અને જે યોગ્ય લાગે તે મંત્ર બનાવી લો!' જયાં સુધી પૂજા વિધાન ચાલતું રહ્યું ત્યાં સુધી તો ગામડિયો વર્ણમાળા વારંવાર બોલતો ગયો.

રાત્રીના સમયે દિવ્યદર્શી ધર્મગુરૂ રબીએ તે અભણ ખેડૂતને આગલી હરોલમાં બેસાડી સન્માનિત કર્યો... અને પ્રાર્થના કરનારાઓમાં શ્રેષ્ઠ જાહેર કર્યો.

એક ભક્તે કહ્યું, "ગુરૂદેવ! આ તો અભણ છે. પ્રાર્થનાનો મંત્ર સુદ્ધાં જાણતો નથી..."

ભાવભર્યા કંઠે ધર્મગુરૂએ કહ્યું, 'એની પાસે શબ્દ નથી તેથી શું થયું? ભાવ તો છે ને? પરમેશ્વર તો ભાવનો ભૂખ્યો છે. મંત્ર તો અમારા-તમારા માટે છે. મંત્ર માધ્યમ છે... ભાવના પ્રબળ હોય ત્યાં માધ્યમની પણ જરૂરિયાત રહેતી નથી.'

વિદ્વાનો એ ધર્મનાં દસ મુખ્ય લક્ષણોનાં પાંચ જોડકાં આ રીતે બતાવ્યાં છે -

સત્ય અને વિવેક
સંયમ અને કર્તવ્ય
અનુશાસન અને વ્રતધારણ
સ્નેહ-સૌજન્ય અને પરાક્રમ
સહકાર અને પરમાર્થ.

ધર્મમાં આ દસ લક્ષણોને - માનવીના ગૌરવનું રક્ષણ કરનાર પ્રતીકોને તેના ભાવરૂપમાં તેના મર્મના માધ્યમ વડે જ સમજવાં જોઇએ.

'અહિંસા પરમો ધર્મ...' અહિંસા પરમ ધર્મ છે પણ રણભૂમિમાં તો દુશ્મનને સંહારવો એ જ ધર્મ છે.

ૐ નમઃશિવાય... મંત્રનો જાપ ધર્મ છે પણ શિવજીની જેમ ત્રીજું નેત્ર ખોલી કામદેવને ભસ્મ કરવો એ ધર્મનોય ધર્મ છે. આપેલા વચનનું પાલન કરવું એ ધર્મ છે પણ શ્રીકૃષ્ણની જેમ ધર્મના સંરક્ષણ માટે વચનભંગ કરી શસ્ત્ર ઉપાડવું એ પણ ધર્મ જ છે.

ગૌરક્ષા એ ધર્મ છે... માટે શિવાજી મહારાજની જેમ ગાયનો વધ કરનારને દંડ કરવો એ ધર્મ છે.

માતૃભૂમિની ભક્તિ એ ધર્મ છે... માટે માતૃભૂમિના દ્રોહીને પ્રાણદંડ દેવો એ ધર્મ છે.

ધર્મની પરિભાષા નિરપેક્ષ છતાં સાપેક્ષ છે. પત્નીની પતિ પ્રત્યેની ભાવનિષ્ઠા એનો પત્ની ધર્મ છે. પતિની પત્ની પ્રત્યેની એકાંતિક પ્રેમની લાગણી એનો પતિ ધર્મ છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# પેશ્વા સરકારના દરબારમાં એક આરબ સૌદાગર આવ્યો, તેણે બે ઘોડી રજૂ કરીને જણાવ્યું આમાંની એક મા છે અને એક દીકરી, જે કોઇ ઓળખી બતાવે તો બંને ઘોડી મફતમાં આપી દઉં, નહીંતર મને હજાર સુવર્ણ મુદ્રાઓ આપવી પડે

**- કારણ એ 'મા' હતી**
**માતૃભાવના દર્શક કિસ્સા**
**- અનંત ન. વ્યાસ**

(૧)

એક સજ્જન સવારના સમયે ફરવા નીકળ્યા. સાથે પાલતું કૂતરો. કૂતરો આમતેમ દોડે ને સજ્જન શાંત પગલે ચાલતા આગળ વધે. એટલામાં સામેના વૃક્ષ પરથી પોપટનું એક બચ્ચુ નીચે પડી ગયું. પોપટી ડાળી પર બેઠી ચિચિયારી પાડે. કૂતરાની નજર પડી ને કૂતરો દોડ્યો. સજજનના હાથમાંથી સાંકળ છૂટી ગઇ. બચ્ચાને પકડવા જન્મજાત શિકારી-વૃત્તિ જાગી ગઇ. વૃક્ષ પરની પોપટીએ આ જોયું. પોતાનું સંતાન હવે ઘડી-બે-ઘડીમાં કાળનો કોળિયો બની જવાનું તેણે ચીસ પાડી. જરા નીચેની ડાળી પર આવી. મનમાં કદાચ નિર્ણય કર્યો. 'ના મારા સંતાનને મરવા નહિં દઉં.'

કૂતરો નજીક આવ્યો ને પોપટીએ તેના પર ઝપટ મારી બે-વાર ચાંચ મારી. કૂતરો ઘડીક અટક્યો. પણ આ તો પોપટની ચાંચ વાંકી - કૂતરાને કંઇ અસર ન થઇ. કૂતરાએ બચ્ચાને પકડવા મોંઢુ પાઢ્યું. ત્યાં કૂતરો બચ્ચાને પકડે ત્યાં પોપટી ઝડપભેર ધસી આવી. કૂતરાના ઉઘાડા મોં માં પોતાની જાત હોમી. કૂતરાનું મોઢું બંધ થઇ ગયું. પોપટીનો દેહ કચડાઇ ગયો.

ત્યાં તો કુતરાના માલિક આવી ગયા. તેણે કૂતરાને ઠપકો આપ્યો. કુતરો પણ પોપટીની શહાદત જોઇ જાણે શરમિંદો બની ગયો. સજ્જને પોપટના એ બચ્ચાંને પોતાના હાથમાં લીધું. ઘેર લાવ્યાં ને પોતાના બાળકોને આ વીર માતાની આત્મ-બલિદાનની કથા કહી.

પોપટી બલિદાન આપી શકી, કારણ એ મા હતી...

નોંધ : બ.ક.ઠાકોરના કાવ્ય 'શેરદોરો' ની કથાવસ્તુ પરથી.

●●●

(૨)

ગીરના જંગલમાં દરેક વરસની એક બાળાએ રમત-રમતમાં સૂતેલી સિંહણને અડપ્લું કર્યું. સિંહણ જાગી ગઇ અને ભયંકર ત્રાડ પાડી પેલી બાળા અતિ ગભરાઇ ગઇ. આ તો સિંહણ ને પાછી ગુસ્સે થયેલી. હવે નાનકડી છોકરી શું કરે. એણે ઘર તરફ દોટ કાઢી... ને પાછળ સિંહણ પગલું દબાવતી આવે. બાળક કેટલું ક દોડે...

દોડતાં દોડતાં બાળા ગબડી પડી. ચત્તીપાટ પડી. આંખમાંથી આંસુ જાય ભાગ્યા. મોં હિબકાં ભરે...

સિંહણ થંભી ગઇ. તેણે પડેલી બાળા તરફ જોયું રૂદનથી ખરડાયેલું મોંઢું જોયું. કાકલૂદી કરતી આંખો જોઇ. 'ઓ.. મા..' ની બૂમ તેના કાને પડી.. ને કોણ જાણે કેમ પણ સિંહણ સાવ થંભી ગઇ... ને સામે જોઇ રહી. કોઇ મા પોતાના તોફાની બાળકનું તોફાન માફ કરે... તેમ સિંહણે પણ જાણે માફ કરતી હોય તેમ સામે જોયું. ધીમો ઘુઘવાર કર્યો ને બાળાને જરા પણ ઇંજા કર્યા વિના ધીમા પગલે તે પાછી વળી ગઇ. સિંહણે પણ અસ્સલ માતૃભાવનાનું દર્શન કરાવ્યું. એ સિંહણ બાળાને ઇજા પહોંચાડ્યા વિના પાછી ફરી કારણ 'એ' મા હતી.

નોંધ : જૂનાગઢના ફોરેસ્ટ ઓફિસરે લખેલા 'ફૂલછાબ'માં પ્રગટ થયેલો કિસ્સો...

●●●

(૩)

પેશ્વા સરકારના દરબારમાં એક આરબ સૌદાગર આવ્યો. તેણે બે ઘોડી રજૂ કરીને જણાવ્યું આમાંની એક મા છે અને એક દીકરી. જે કોઇ ઓળખી બતાવે તો બંને ઘોડી મફતમાં આપી દઉં. નહીંતર મને હજાર સુવર્ણ મુદ્રાઓ આપવી પડે.

દરબારી બંને ઘોડી જોઇ રહ્યા... રૂપે રંગે બંને સરખી. દાંત-વાળ તપાસ્યા. બધું જ સાવ સરખું - રજ માત્ર તફાવત ન મળે. જાણે કાર્બન કોપી જ જોઇ લો. પેશ્વા સરકાર પણ નવાઇ પામી ગયા. આખરે ગામમાંથી રામારાવને તેડાવ્યા. રામારાવ વયોવૃદ્ધ જ્ઞાની વ્યક્તિ હતા. વાત સાંભળી તેણે પણ ઘોડીઓ જોઇ. પછી કહે, આ ઘોડીના અસવારોને બોલાવો. જરા ચાલ તપાસીએ બહાર મોટું મેદાન હતું તેમાં બંને ઘોડી લઇ ગયા રામારાવ અસવારોને કહે, આ મેદાનના દસ ચક્કર ઝડપથી મારવાના છે. રામારાવે તાજુ પાણી ભરી એક વાસણમાં મુકાવ્યું.

ઘોડીઓ ઊપડી. એક સરખી રેવાળ ચાલ. બંને સાથે જ રહે. ન આગળ ન પાછળ. પુરા દસ ચક્કર માર્યા. અસવારો તથા ઘોડીઓ પરસેવે રેબઝેબ. રામારાવ બંને ઘોડીઓને પાણીના વાસણ પાસે લઇ ગયા. પ્રથમ તો બંને એ પાણી પીવાનું શરૂ કર્યું. પણ તુરત એક ઘોડીએ મોંઢું ઊંચું કર્યું ને બીજી તરફ જોઇ રહી. બીજી ઘોડી તો ચસચસ પાણી પીતી રહી.

હવે જે ઘોડીએ મોંઢું ઊંચુ કર્યું હતું તેના પર હાથ મુકી રામારાવ કહે, આ મા છે ને પેલી પાણી પીવે છે તે દીકરી...

આરબ સૌદાગર - પેશ્વા સરકાર તથા દરબારી સૌ નવાઇ પામી ગયા. વાત સાવ સાચી હતી. રામારાવે સાચી ઘોડી પારખી હતી.

પેશ્વા કહે, રામારાવજી આપે કયા આધારે ઘોડી પારખી તે કહેશો.

રામારાવ કહે, નામદાર, વિશ્વભરમાં માતૃભાવના સરખી હોય છે મા - દીકરીને પ્રથમ ખાવા દે. જો સાથે જમતા હોય તો પોતે ઓછું ખાય - માનવીની આ ભાવના પશુ-પંખીઓમાં પણ હોય છે. આ ઘોડીએ પણ તેનું જ અનુકરણ કર્યું. પોતે પાણી પીશે તો દીકરી તરશી રહી જશે તેવા ડરથી મોંઢુ ઊંચુ કરી લીધું. અને આપે સૌએ જોયું હશે કે પુત્રીએ પાણી પીધા પછી જ તેણે પાણી પીધું. મા બધે સરખી.

પેશ્વા સરકાર ખુશ થયા. રામારાવને ઇનામ મળ્યું. રામારાવ સાચી પરીક્ષા કરી શક્યા કારણ ઘોડીમાં પણ માતૃભાવના હતી. એ મા હતી.

નોંધ : અક્કલ કસોટી - વાર્તા સંગ્રહમાંથી...